| Innovation ID | DTP0010000002612 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને પાઠું (Bed Scores) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | lok (૨) ૬, Dec-૧૯૯૭ |
| Brief | પશુને પાઠું નીકળે તો (Bed Sores) વિલાયતી ખાખરાના (Butea monosperma) મૂળનો ઉપયોગ |
| Detail | (આ પદ્ધતિની પુનઃ તપાસ નરેન્દ્રસિંહ પરમારે વેજપુર ગામમાં જઈને જૂન ૨૦૦૪માં કરેલ છે. જે સાચી છે.)<br>વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વેજપુર ગામના ગુલાબબહેન અભેસિંહ ચૌહાણ પશુને પાઠું નીકળ્યું હોય ત્યારે (Bed Sores) તેના ઈલાજ માટે વિલાયતી ખાખરા (Butea monosperma) ના મૂળનો ઉપયોગ કરે છે. પશુને પાઠું નીકળે ત્યારે પશુ બરાબર બેસી શકે નહી અને બરાબર ચાલી પણ નથી શકતાં.<br>ખેડૂત ના જણાવ્યા મુજબ આ પીડાકારક વ્યાધિમાંથી પશુને વહેલી તકે બચાવવા વિલાયતી ખાખરાના મૂળને ગરમ કરીને પાણી સાથે લસોટી તેમાંથી બનાવેલ મલમ લગાડવામાં આવે છે.<br>આ મલમને અઠવાડિયા સુધી દિવસમાં બે-ત્રણવાર ચોપડવાથી પશુને આરામ થાય છે. આ પદ્ધતિ પરંપરાગત છે.<br>( ડૉ. અંજારીઆ જણાવે છે કે, ખાખરાના મૂળમાં પણ ગ્રાહી તત્વે છે જે ઘા રુઝવવામાં મદદરૂપ થાય)<br><br>અન્ય ઉપયોગ કર્તા ખેડૂતો<br>- રત્નબહેન રંગીતસિંહ ચૌહાણ<br>- શારદાબહેન રતનસિંહ ચૌહાણ<br>- અરજનસિંહ પ્રતાપસિંહ ચૌહાણ<br>- કાભયભાઈ મોહનભાઈ રાઠોડ<br>- શાન્તાબહેન બળવંતસિંહ ચૌહાણ |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | વિલાયતી ખાખરાના મૂળ (Butea monosperma) |
| IPR Status | |
| Keywords | પાઠું, પશુ, Bed Scores, વિલાયતી ખાખરા, મૂળ, Butea monosperma, વડોદરા |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૦૦ | Member Type | Scout |
|---|---|---|---|

First Name વિજય | Middle Name | Last Name ચોહાણ

Profession | Designation

Address 1

Village | Taluka

District | State Gujarat | Country India

Biography

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૫૯૦ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name ગુલાબબહેન | Middle Name અભેસિંહ | Last Name ચૌહાણ

Profession ખેતી,પશુપાલન | Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મુ. વેજપુર | Taluka સાવલી

District Vadodara | State Gujarat | Country India

Biography

ખેડૂતનો પરિચય:
ગુલાબબહેનની ઉંમર ૬૫ વર્ષની છે. તેઓ અભણ છે. તેમને ત્રણ સંતાનો છે. તેમની પાસે ૮ એકર જમીન છે. તેઓ અત્યારે ઘરે બે ભેંસો રાખે છે. અને વર્મીકમ્પોસ્ટ પણ જાતે બનાવીને ઉપયોગ કરે છે. તેમનો પુત્ર અન્ય જગ્યાએ એન.જી.ઓમાં કામ કરે છે. તેમને જૂનાજ્ઞાનને જાણવાનો રસ છે. તેમની પાસેની જમીન કાળી છે. તેમાં મુખ્યત્વે કપાસ, તુવેર અને બાજરી જેવા પાકો કરે છે. તેમની આવકનું સાધન ખેતી છે. તેમનો રસનો વિષય પશુપાલન, ભેંસ પાળવાનો શોખ છે.

ગામનો પરિચય
વેજપુર ગામ ચાવલીથી આશરે ૩૫ થી ૪૦ કિ.મી દૂર આવેલું છે. તથા વડોદરાથી ૯૦ કી.મી દૂર છે. ગામની વસ્તી આશરે ૫૦૦૦ જેટલી છે. તેમાં ખાસ કરીને પટેલ, વાણિયા, દરબાર, બારિયા અને આદિવાસી કોમના લોકો વસે છે. ગામમાં ગ્રામ પંચાયત, પોસ્ટ ઓફિસ તથા રેલ્વેસ્ટેશન જેવી સુવિધા છે. ગામ ઉદલપુરથી સાવલી જવાના મુખ્ય રસ્તા પર આવેલું વિકસિત ગામ છે. ગામમાં એક તળાવ છે. તથા ગામ નજીકથી નદી પસાર થાય છે. ગામમાં મુખ્યત્વે લીમડો, બાવળ, સમડા જેવા વૃક્ષો જોવા મળે છે. ગામની જમીન કાળી અને ગોરાડું બંને પ્રકારની છે. તેમાં મુખ્યત્વે તમાકુ, કપાસ, દિવેલા, ડાંગર જેવા પાકો થાય છે. ગામનો ૧ થી ૧૦ સુધી પ્રા. શાળા તથા માધ્યમિક શાળા છે. ગામમાં નોકરી કરતા લોકોનું પ્રમાણ પણ સારું છે. ગામમાં ખેતી કરતા લોકો સારું એવું કમાય છે. ગામમાં લોકોની આવકનું મુખ્ય સાધન ખેતી તથા નોકરી છે. ગામના લોકો મુખ્યત્વે હોળી, દિવાળી, નવરાત્રિ તેમજ ગણેશચતુર્થી તથા નાના તમામ તહેવારો ખૂબ જ ધામ-ધૂમથી ઉજવે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૧૭૩ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name નરેન્દ્રસિંહ | Middle Name આર | Last Name પરમાર

Profession | Designation

Address 1

Village | Taluka

District | State Gujarat | Country India

Biography

| Innovation ID | DTP0010000002661 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** પશુને ચાંચડ અને જીંગોડી પડે ત્યારે (Ectoparasite Infestation)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** lok (૩) ૧, Feb-૧૯૯૮, Pg No. ૭

**Brief** પશુને ચાંચડ અને જીંગોડી પડે (Ectoparasite Infestation) ત્યારે સુકા મહુડા (Madhuca indica), દિવેલ (Ricinus communis) હળદર (Curcuma longa) અને આવચીબાવચી (Moschosma polystachyum) ના છોડનો ઉપયોગ

**Detail** (આ પદ્ધતિની પુનઃ તપાસ નરેન્દ્રસિંહ પરમારે વેજપુર ગામમાં જઈને જૂન ૨૦૦૪માં કરેલ છે. જે પૂર્ણ રૂપે સાચી છે અને ઉપયોગમાં છે.)

પશુઓને ચાંચડ નામના બાહ્ય પરોપજીવી જંતુઓ લાગે છે (Ectoparasite Infestation). જે પશુના શરીરમાંથી લોહી ચુસે છે. તેથી પશુ અધીરુ બની જાય છે. કયારેક આ ચાંચડ થી બીજા રોગો થવાની સંભાવના પણ રહે છે. પશુને શરીર ઉપર ખુબ ખંજવાળ આવે છે. અને તે શરીરને જયાં ત્યાં ઘસે છે. જેથી શરીર પર ઉઝરડા અને ઘા પડે છે.

વડોદરા જિલ્લાના વેજપુર ગામના શ્રી ગુલાબબહેન અભેસિંહ ચૌહાણ પશુને ચાંચડ પડે ત્યારે સુકા મહુડા (Mahuca indica) દિવેલ (Ricinus communis) હળદર (Curcuma longa)અને આવચીબાવચી (Moschosma polystachyum) ના છોડનો ઉપયોગ કરે છે.

પશુને ચાંચડ પડયાં હોય તો ખેતરમાંથી આવચીબાવચી (Moschosma polystachyum) ના ૧૦ થી ૧૫ છોડ લાવીને દરરોજ પશુના શરીર ઉપર ઘસવામાં આવે છે. તેમજ આ વનસ્પતિનો સાવરણો બનાવીને પશુની ગમાણને સાફ કરવામાં આવે છે. તદ્ઉપરાંત ૧૦૦ ગ્રામ સૂકા મહુડાં લાવીને પશુને બાંધવાની જગ્યા પાસે રાખી મુકવામાં આવે છે. મહુડાની વાસને લીધે ચાંચડ પશુથી દૂર ભાગે છે.

ખાસ કરીને પશુને કાનના ભાગે જીંગોડી ચોટે ત્યારે શ્રી ગુલાબબહેન અભેસિંહ ચૌહાણ ૧૦૦ ગ્રામ દિવેલમાં ૫૦ ગ્રામ હળદર મિશ્ર કરીને પશુને જીંગોડી લાગેલ ભાગે ત્રણ દિવસ ઘસે છે. આમ કરવાથી જીંગોડી પશુના કુમળા ભાગ ઉપરથી ખરી પડે છે. તેમજ સડો લાગેલ ભાગ ઉપર હળદર લગાવવાથી પશુને જલદી રૂઝ આવી જાય છે. મહિલા ખેડૂતના જણાવ્યા મુજબ, આ બંને પદ્ધતિઓ તેઓ પરંપરાગત રીતે અપનાવે છે.

અન્ય ઉપયોગ કર્તા ખેડૂતો
- રત્નબહેન રંગીતસિંહ ચૌહાણ
- શારદાબહેન રતનસિંહ ચૌહાણ
- અરજનસિંહ પ્રતાપસિંહ ચૌહાણ
- કાભયભાઈ મોહનભાઈ રાઠોડ
- શાન્તાબહેન બળવંતસિંહ ચૌહાણ

(આ પદ્ધતિનું પી.આઈ.સી નરેન્દ્રસિંહ પરમારે કરેલ છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** સુકા મહુડા (Mahuca indica), દિવેલ (Ricinus communis), હળદર (Curcuma longa) અને આવચીબાવચી (Moschosma polystachyum) ના છોડ

**IPR Status**

**Keywords** પશુ, ચાંચડ, જીંગોડી, Ectoparasite Infestation, સુકા, મહુડા, Madhuca indica, દિવેલ, Ricinus communis, હળદર, Curcuma longa, આવચીબાવચી, Moschosma polystachyum, છોડ, વડોદરા

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૦૦ | Member Type | Scout |
|---|---|---|---|

First Name વિજય Middle Name Last Name ચૌહાણ

Profession Designation

Address 1

Village Taluka

District State Gujarat Country India

Biography

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૦ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name ગુલાબબહેન Middle Name અભેસિંહ Last Name ચૌહાણ

Profession ખેતી,પશુપાલન Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મુ. વેજપુર Taluka સાવલી

District Vadodara State Gujarat Country India

Biography

ખેડૂતનો પરિચય:
ગુલાબબહેનની ઉંમર ૬૫ વર્ષની છે. તેઓ અભણ છે. તેમને ત્રણ સંતાનો છે. તેમની પાસે ૮ એકર જમીન છે. તેઓ અત્યારે ઘરે બે ભેંસો રાખે છે. અને વર્મીકમ્પોસ્ટ પણ જાતે બનાવીને ઉપયોગ કરે છે. તેમનો પુત્ર અન્ય જગ્યાએ એન.જી.ઓમાં કામ કરે છે. તેમને જૂનાજ્ઞાનને જાણવાનો રસ છે. તેમની પાસેની જમીન કાળી છે. તેમાં મુખ્યત્વે કપાસ, તુવેર અને બાજરી જેવા પાકો કરે છે. તેમની આવકનું સાધન ખેતી છે. તેમનો રસનો વિષય પશુપાલન, ભેંસ પાળવાનો શોખ છે.

ગામનો પરિચય
વેજપુર ગામ ચાવલીથી આશરે ૩૫ થી ૪૦ કિ.મી દૂર આવેલું છે. તથા વડોદરાથી ૯૦ કી.મી દૂર છે. ગામની વસ્તી આશરે ૫૦૦૦ જેટલી છે. તેમાં ખાસ કરીને પટેલ, વાણિયા, દરબાર, બારિયા અને આદિવાસી કોમના લોકો વસે છે. ગામમાં ગ્રામ પંચાયત, પોસ્ટ ઓફિસ તથા રેલ્વેસ્ટેશન જેવી સુવિધા છે. ગામ ઉદલપુરથી સાવલી જવાના મુખ્ય રસ્તા પર આવેલું વિકસિત ગામ છે. ગામમાં એક તળાવ છે. તથા ગામ નજીકથી નદી પસાર થાય છે. ગામમાં મુખ્યત્વે લીમડો, બાવળ, સમડા જેવા વૃક્ષો જોવા મળે છે. ગામની જમીન કાળી અને ગોરાડું બંને પ્રકારની છે. તેમાં મુખ્યત્વે તમાકુ, કપાસ, દિવેલા, ડાંગર જેવા પાકો થાય છે. ગામનો ૧ થી ૧૦ સુધી પ્રા. શાળા તથા માધ્યમિક શાળા છે. ગામમાં નોકરી કરતા લોકોનું પ્રમાણ પણ સારું છે. ગામમાં ખેતી કરતા લોકો સારું એવું કમાય છે. ગામમાં લોકોની આવકનું મુખ્ય સાધન ખેતી તથા નોકરી છે. ગામના લોકો મુખ્યત્વે હોળી, દિવાળી, નવરાત્રિ તેમજ ગણેશચતુર્થી તથા નાના તમામ તહેવારો ખૂબ જ ધામ-ધૂમથી ઉજવે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૭૩ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name નરેન્દ્રસિંહ Middle Name આર Last Name પરમાર

Profession Designation

Address 1

Village Taluka

District State Gujarat Country India

Biography